# श्रीसोमनाथसंस्कृतयुनिवर्सिटी, वेरावलम्
# सत्रान्तपरीक्षा एप्रिल - २०१६

कक्षा – शास्त्री-२ (SEM-4) **प्रश्नपत्रम् – ३** गुणाः - ७०

विषयः – अर्थशास्त्र **GE-2.4.4** समयः – ११ तः २

दिनाङ्कः – १૯/०४/२०१६ सन्दर्भग्रन्थः–ભારતીય અર્થતંત્ર -૨

---

**વિભાગ-૧**

**પ્રશ્ન-૧** ભારતમાં નાના પાયાના ઉદ્યોગોનું મહત્ત્વ સવિસ્તાર સમજાવો. **૧૫**

અથવા

ભારતમાં જાહેરક્ષેત્રની કામગીરીની ચર્ચા કરી તેની અગત્યતા જણાવો

**પ્રશ્ન-૨** નીચે આપેલા ચાર પ્રશ્નોમાંથી બે પ્રશ્નોના જવાબ આપો : ૨૦

1. ભારતમાં ઉદ્યોગોનું વર્ગીકરણ સમજાવો
2. ભારતમાં ખાનગીક્ષેત્રેનું મહત્ત્વ સમજાવી અર્થતંત્રના વિકાસ માટે તેની જરૂરિયાતની ચર્ચા કરો.
3. ભારતમાં થયેલ રેલ્વે વ્યવહાર, હવાઈ વ્યવહાર અને જળ વ્યવહારના વિકાસની ચર્ચા કરો.
4. ભારતમાં અસંગઠીત ક્ષેત્રના શ્રમિકોની સમસ્યાઓની ચર્ચા કરો.

**પ્રશ્ન-૩** **ટૂંકનોંધ લખો (ચાર માંથી બે)** **૧૦**

1. ઔધોગિક ઉત્પાદન આંકના ઘટકો.
2. ભારતમાં જાહેર ક્ષેત્રની મર્યાદાઓ.
3. ભારતમાં ઊર્જાના સ્ત્રોતો.
4. અસંગઠિત ક્ષેત્રનું મહત્ત્વ.

**પ્રશ્ન-૪** **નીચે આપેલ ચાર પ્રશ્નોમાંથી બે પ્રશ્નોના જવાબ આપો** ૧૫

1. ભારતીય અર્થતંત્રમાં સેવા ક્ષેત્રની ભૂમિકાની ચર્ચા કરો.
2. ભારતમાં સંદેશા વ્યવહારના સ્વરૂપો અને તેના વિકાસની ચર્ચા કરો.
3. ભારતમાં અસંગઠિતક્ષેત્રનો અર્થ આપી, તેની સમસ્યાઓની ચર્ચા કરો.
4. ભારતમાં અસંગઠિત ક્ષેત્રની સમસ્યાઓના નિવારણ માટે સરકારે લીધેલ પગલાની ચર્ચા કરો.

**પ્રશ્ન-૫** **વૈકલ્પિક પ્રશ્નો (દસ માંથી દસ )** ૧૦

૧. ક્યા પ્રકારના ઉદ્યોગોમાં રોજગારીનું સર્જન સૌથી વધારે થાય છે ?

(અ) નાના પાયાના ઉદ્યોગો (બ) મોટા ઉદ્યોગો

(ક) મધ્યમ ઉદ્યોગો (ડ) ભારે ઉદ્યોગો

૨. રાષ્ટ્રીય આવક એટલે શું ?

(અ) સરકારની આવક (બ) સરકારને ઉદ્યોગોમાંથી થતી આવક

(ક) ખાનગી ક્ષેત્રની આવક (ડ) આમાંથી એક પણ નહિ

૩. જે ઉદ્યોગોમાં ખૂબ જ જંગી મૂડી રોકાણ કરવામાં આવ્યું હોય તેવા ઉદ્યોગોને ક્યા પ્રકારના ઉદ્યોગોમાં સમાવેશ કરવામાં આવે છે. ?

(અ) નાના પાયાના ઉદ્યોગો (બ) મધ્યમ ઉદ્યોગો

(ક) મોટા ઉદ્યોગો (ડ) કુટીર ઉદ્યોગો

૪. જાહેર ક્ષેત્રના સાહસમાં કોનુ મૂડીરોકાણ હોય છે ?

(અ) સરકારનું (બ) ઉદ્યોગપતિ ઓનું

(ક) નાના રોકાણ કારોનું (ડ) આમાંથી એક પણ નહી

૫. નીચેનામાંથી કયું ખાનગી ક્ષેત્રનું ઉદાહરણ છે ?

(અ) ભારતીય રેલ્વે (બ) ગુજરાત એસ.ટી

(ક) પી.જી.વી.સી.એલ (ડ) રીલાયન્સ પાવર

૬. ગુજરાત રાજ્યમાર્ગ વાહન વ્યવહાર કયા ક્ષેત્રનું એકમ છે ?

(અ) જાહેર ક્ષેત્રનું (બ) ખાનગી ક્ષેત્રનું

(ક) સહકારી ક્ષેત્ર નું (ડ) આમાંથી એક પણ નહી

૭. વિકસિત રાષ્ટ્રોમાં સૌથી વધુ રોજગારીનુ સર્જન કયાં ક્ષેત્રમાં જોવા મળે છે ?

(અ) ખેતી (બ) સેવા

(ક) ઉદ્યોગ (ડ) સહકારી

૮. ભારતીય રેલ્વેની માલિકી કોની છે ?

(અ) કેન્દ્ર સરકાર (બ) રાજ્ય સરકાર

(ક) R.B.I (ડ) આમાંથી એક પણ નહી.

૯. ભારતીય રેલ્વે લાઈનની કુલ લંબાઈ આશરે કેટલી છે ?

(અ) 70,000 km (બ) 80,000 km

(ક) 90,000 km (ડ) આમાંથી એક પણ નહી

૧૦. નીચેનામાંથી અસંગઠિત ક્ષેત્રનું ઉદાહરણ કયું છે ?

(અ) બેંક કર્મચારી (બ) ખેત મજૂર

(ક) ખાનગી કંપનીનો કર્મચારી (ડ) રાજ્ય સરકારની કર્મચારી

***